# ધ ટાર્ગેટ - NSELની વાસ્તવિકતા

મુંબઈ,તા.૧




NSELમાં ઊભી કરાયેલી કટોકટીનો ઉપયોગ કરીને જિજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા 'માર્કેટ' સામ્રાજ્યને તોડી પાડતા રાજકીય ષડયંત્રની દાસ્તાન થઈ છે. માત્ર ૯૦ દિવસમાં સૌથી વધુ વેચાતા નંબર ૧ પુસ્તક તરીકે એમેઝોન અને ક્રોસવર્ડમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ ગુજરાતી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ છે.

ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલા છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહુ જ નાની વયે પોતાના બૌદ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠી ઉંચેરું સ્થાન અપાવનાર જિજ્ઞેશ શાહના વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનૂ ગૂહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યું હતું.